# ગાંધીનગરની બી.પી. કોલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝમાં 'ડેવલપર્સ ટૂલકિટ' વિષય પર માર્ગદર્શન સેમિનાર સંપન્ન

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર સ્થિત બી.પી. કોલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ, એસ.વી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ અને એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ - બીસીએ દ્વારા તાજેતરમાં વિદ્યાર્થીઓના ટેક્નિકલ કૌશલ્યમાં વધારો કરવાના ઉદ્દેશ્ય સાથે **"Developer's Toolkit: Git, GitHub and Teamwork"** વિષય પર એક વિશેષ ઉદ્યોગલક્ષી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેંટ વલ્લભભાઈ એમ. પટેલના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આધુનિક ટેક્નોલોજીથી સજ્જ કરી તેમને ભવિષ્યની ઈન્ડસ્ટ્રીની જરૂરિયાતો માટે તૈયાર કરવાનો હતો.

આ સેમિનારમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસના નિષ્ણાત યશવર્ધન શેખાવત રિસોર્સ પર્સન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બી.સી.એ.ના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને **Git, GitHub,** વર્ઝન કંટ્રોલ અને ટીમ કોલાબોરેશન જેવા મહત્વના વિષયો વિશે ઊંડાણપૂર્વક સમજણ આપી હતી.



સત્ર દરમિયાન તેમણે લાઈવ ડેમોન્સ્ટ્રેશન દ્વારા સોફ્ટવેર ડેવલપમેન્ટમાં આ સાધનોની પ્રાયોગિક ઉપયોગિતા અને ઈન્ડસ્ટ્રીમાં તેના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. આ તકનીકી જ્ઞાન મેળવવા માટે વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને પ્રશ્નોત્તરી સત્રમાં તેમણે સક્રિયપણે ભાગ લઈને પોતાના જિજ્ઞાસુ પ્રશ્નોનું નિરાકરણ મેળવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમ કડી સર્વ વિશ્વવિદ્યાલયના કમ્પ્યુટર સાયન્સ ફેકલ્ટીના ડીન અને કોલેજના ડાયરેક્ટર ડૉ. રૂપેશ વ્યાસ તથા બી.પી. કોલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝના હેડ ઑફ ધ ડિપાર્ટમેન્ટ ડૉ. જૈમિની કુલકર્ણીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં પ્લેસમેન્ટ ઈન્ચાર્જ પ્રો. પૂજા જોશી, પ્રો. પલક પટેલ અને તેમની પ્લેસમેન્ટ ટીમ દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવવામાં આવી હતી. ઈન્ડસ્ટ્રી અને ઈન્સ્ટિટ્યુશનના સમન્વય દ્વારા આયોજિત આ સેમિનાર વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે અત્યંત જ્ઞાનવર્ધક અને ઉપયોગી સાબિત થયો હતો.